પુસ્તક ૨૫

# અહો ! શ્રુતજ્ઞાનમ્

સંકલન
શાહ બાબુલાલ સરેમલ
બેડાવાળા

સં-૨૦૭૦, કારતક સુદ - ૫

શાસનના શણગાર પૂજ્ય સંયમી, વિદ્વાન, જ્ઞાની ગુરુભગવંતોના પાવન ચરણોમાં ચરણ સેવક શા. બાબુલાલ સરેમલ બેડાવાળા ના કોટિ કોટિ વંદન...

શ્રી જિનાજ્ઞાસમારાધક પંડિતવર્યશ્રી, શ્રુતભક્ત શ્રાવકો આદિને પ્રણામ...

● શ્રુતજ્ઞાનના ક્ષેત્રમાં વર્તમાન કાળે એક અગત્યનું કહી શકાય એવું ક્ષેત્ર હોયતો તે છે શિલ્પજ્ઞાન. છેલ્લા ત્રણેક પરિપત્રથી અમે આ વિષય ને ઉજાગર કરી રહ્યા છીએ. ઉપરાંતમાં ગત વર્ષે પરમપૂજ્ય વૈરાગ્યદેશનાદક્ષ આ. શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મ. સા. તથા પૂ. આ. શ્રી કલ્યાણબોધિસૂરિજીના સાનિધ્યમાં જિનાલય નિર્માણના અનુભવી શ્રાવકોનું સ્નેહમિલન યોજાયેલ તેના અનુસંધાનમાં આ વર્ષે સુરેન્દ્રનગરમાં દ્વિદિવસીય શિલ્પશિબિરનું પણ આયોજન થયું હતું. આ સર્વે પ્રયાસોથી ભવિષ્યમાં શ્રીસંઘને નક્કર લાભ થશે. જેમાં નિમિત્ત બનાવનો અમને અંતસ્તોષ છે.

-: શ્રુતજ્ઞાન ક્ષેત્રે એક મહત્વપૂર્ણ અન્ય ક્ષેત્ર : વિધિ ક્ષેત્ર :-

● જિનશાસનમાં અનેક પ્રભાવક પૂજ્ય ગુરુભગવંતો છે. જેઓ અનેક પ્રકારે શાસનપ્રભાવક કાર્યો કરી રહ્યા છે. પરંતુ ઘણું કરીને જોઇએ તો એ દરેકની શક્તિ અમુક ચોક્કસ ૨ - ૪ કાર્યો પાછળ જ ખર્ચાઇ રહી છે. અલબત્ત એ કાર્યો પણ જરૂરી જ છે, છતાં એક અન્ય અસ્પર્શ એવા વિધિક્ષેત્રને પણ પ્રભાવક સાધુ ભગવંતો ઉજાગર કરવાનો પ્રયત્ન કરે તે ઇચ્છનીય છે. ● વર્તમાનમાં પૂજનો ભણાવવાના વધ્યા છે. જરૂરીયાતને લઇને વિધિકારકોની સંખ્યા પણ અનેક ઘણી વધી છે. ૨-૪ પૂજનો કરાયા બાદ સંગીતકાર પણ જાતે વિધિકારક થઇ જાય છે. ભક્તિભાવથી કરવાના અનુષ્ઠાનો ક્યારેક મોટા બીઝનેસનું પણ સ્વરૂપ ધારણ કરાતા હોય એમ લાગે છે. એ સમયે પ્રભાવક ગુરુભગવતોએ આ ક્ષેત્ર માટે વિચારવાની જરૂર છે. ● પૂજનનો સરેરાશ ખર્ચ ૧૫૦૦૦ નો મુકીએ તો શ્રીસંઘમાં લાખો કરોડો રૂપિયાનું બજેટ માત્ર વિધિ પૂજનોનું છે. ત્યારે ભણાવાતા એ પૂજનોથી શ્રીસંઘને સવિશેષ હજી વધુ લાભ મળી રહે એની આવશ્યક વિચારણા કરીએ.● વિધિકારકોની ઉચ્ચારશુદ્ધિ, મંત્રશુદ્ધિ અને આચારશુદ્ધિ તથા પૂજનમાં લોકોનું અનૌચિત્ય તથા પૂજનની મહત્તા - આ બધા મુદ્દા વિચારણીય બને, અહીં શ્રુતજ્ઞાનના સંદર્ભમાં લોકોનું વિધિજ્ઞાન વધે એ માટે સંઘમાં જાગૃતતા લાવવી જરૂરી છે, કેટલીકવાર વિધાન સમયે ઘરના મુખ્ય વ્યક્તિઓ પ્રભુ ભક્તિ કરતાં સ્વજનોની આગતા-સ્વાગતામાં જ વિશેષથી રોકાયેલા જોવા મળશે. જે પ્રભુ ભક્તિ માટે પૂજનનો આડંબર છે, એ પ્રભુભકિત ગૌણ બની જાય છે અને તે કરતા સ્વજનોની કિંમત - મુલ્ય વધી જાય છે જે એક આશાતના ગણાય.. આ પ્રકારનું ઔચિત્યજ્ઞાન જે તે લાભાર્થીને આપવું જરૂરી છે. ● પૂજનોમાં દ્રવ્યોની ઉત્તમતા ભગવાનની આજ્ઞા પ્રમાણેની શુદ્ધતા વગેરે જેટલા અંશે ઉમેરાય તેટલા અંશે ભગવદ્ ભક્તિ ખીલે અને પાંગરે છે. ● આજ દિન સુધીનો ઇતિહાસ છે કે સમર્થ પ્રભાવક સાધુઓએ જ શ્રીસંઘને દિશા સૂચવી છે. જો આ ક્ષેત્રને ધ્યાનમાં લઇને તેઓ સવિશેષ પ્રયત્ન આદરે તો શ્રીસંઘના ઉત્થાનમાં પ્રબળ નિમિત્ત બનવાનો લાભ મળે. જિનાજ્ઞાવિરુદ્ધ કંઇ લખાયું હોય તો મિચ્છામિ દુક્કડમ્ ....

" दासोऽहं सर्व साधूनाम् "

લી.
જિનશાસનચરણસેવક બાબુલાલ સરેમલ

## જૈનશિલ્પ વિધાન ભાગ ૧ - ૨ વિમોચન- વૈભવ

વૈરાગ્યદેશનાદક્ષ પૂ. આ. શ્રીમદ્ વિજય હેમચંદ્રસૂરીશ્વરજી મ. સા. તથા વર્ધમાનતપોનિધિ આ. શ્રી વિજય કલ્યાણબોધિસૂરિજીની નિશ્રામાં સુરેન્દ્રનગર જૈન સંઘના નેજા હેઠળ શિલ્પ શિબિર યોજાઇ હતી તેની પૂર્ણાહુતીમાં તેઓના શિષ્યરત્ન શ્રી સૌમ્યરત્ન વિજયજી આલેખિત જૈન શિલ્પ વિધાન ભા-૧-૨ નું વિમોચન તા. ૨૦-૧૦-૨૦૧૩ના રોજ થયેલ.

તેમાં જૈન શાસનના ગૌરવસમા શ્રી કુમારપાળભાઇ વી. શાહ, સાધર્મિકવત્સલ શ્રી કલ્પેશભાઇ વી. શાહ, આ. ક. પેઢીના ટ્રસ્ટી શ્રી શ્રીપાલભાઇ, શ્રી પરેશભાઇ નંદપ્રભા, શ્રી બાબુભાઇ બેડાવાળા, પ્રો. શ્રી થોમસભાઇ પરમાર વગેરે ઉપસ્થિત રહેલ, તેમજ સ્વામિનારાયણ સંપ્રદાયના બી. એ. પી. એસ. સંસ્થાના સર્વેસર્વા શ્રી પૂ. પ્રમુખસ્વામીજી મહારાજના આદેશ સૂચનથી પ. પૂ. સંતશ્રી અક્ષરવત્સલસ્વામીજી પણ ખાસ પધારેલ તથા સર્વેએ મુનિરાજશ્રી સૌમ્યરત્નવિજયજી મ. સા. ને આવી મહત્વની શિબિર યોજવા બદલ તથા છેલ્લા વર્ષોથી આ ક્ષેત્રમાં સંશોધનમાં ભવ્ય પુરુષાર્થ કરવા બદલ અભિનંદન આપેલ. પૂજ્યશ્રીના સંસારી માતુશ્રી નીરૂબેન તથા મહાનુભાવોના વરદ હસ્તે જૈન શિલ્પ વિધાન ભાગ - ૧-૨ નું વિમોચન થયું.

જેમાં જિનાલયના બાંધકામ તેમજ તે અંગેના સર્વ વિધિ વિધાનોની વિષદ છણાવટ યુક્ત બે ભાગમાં ડ્રોઇંગ સાથે પ્રકાશિત કરવામાં આવ્યા છે. પ્રકાશક : શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ. પ્રાપ્તિ સ્થાન : અમદાવાદ - શ્રી બાબુભાઇ બેડાવાળા - મો. ૯૪૨૬૫૮૫૯૦૪, વડોદરા : શ્રી દેવાંગભાઇ શાહ - મો. ૯૯૯૮૦૦૫૨૩૩, મુંબઇ : શ્રી અક્ષયભાઇ શાહ -મો. ૯૫૯૪૫૫૫૫૦૫. જ્ઞાનભંડારો અને પૂજ્ય ગુરુભગવંતોએ લેખિત પત્ર અથવા ઇમેઇલ દ્વારા ભેટ મંગાવવા વિનંતી છે.

નોંધ : આ શિલ્પ શિબિરની સફળતાને ધ્યાનમાં રાખીને હવે અમદાવાદ નજીક ૨૦૧૪ ના મે મહિનામાં ૫-૭ દિવસની વિસ્તૃત શિલ્પશિબિર યોજવાની જાહેરાત પણ કરવામાં આવી.

### -: પ્રાકૃત ભાષાનું સમ્મેલન :-

ગુજરાત યુનિવર્સિટી અને સાબરમતી રામનગર જૈન શ્વે. મૂ. પૂ. સંઘના સહયોગથી પ્રાકૃત ભાષાનો સેમીનાર તા. ૨૬, ૨૭ ઓક્ટોબરના રોજ અમદાવાદમાં પૂ. આ. શીલચંદ્રસૂરિજી મ. સા. ની નિશ્રામાં યોજાયો હતો. જેમાં ભારતભરના ૪૫ વિદ્વાનોએ ભાગ લીધો અને દરેક વિદ્વાનોએ પ્રાકૃત ભાષાના જુદા જુદા ગ્રંથોના શોધ પેપરો રજુ કર્યા.

અહો ! શ્રુતજ્ઞાનમ્

Printed Matter BookPosted 114(7)
U/C, 5A P & T Guide hence not be taxed

Rs. 1
Ticket

પ્રકાશક :
શ્રી આશાપૂરણ પાર્શ્વનાથ જૈન જ્ઞાન ભંડાર
શા. વિમળાબેન સરેમલ જવેરચંદજી બેડાવાળા ભવન
હિરાજૈન સોસાયટી, સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫.
મો : ૯૪૨૬૫૮૫૯૦૪ (ઓ) ૨૨૧૩૨૫૪૩
E-mail : ahoshrut.bs@gmail.com
Website : www.ahoshrut.org

(૧) શિલ્પના પ્રાચીન શ્રી અપરાજિત પૃચ્છા, સમરાંગણ સૂત્રધાર વગેરે અનેક સંસ્કૃત ગ્રંથોના અભ્યાસ બાદ તત્કાલીન મંદિર સ્થાપત્યના અનુભવોથી પરિકર્મિત પ્રસ્તુત ગ્રંથ શિલ્પના ચોક્કસ અર્થ અને મર્મોને જણાવનાર છે.

(૨) પૂર્વ પૂર્વના શિલ્પના પ્રાચીન ગ્રંથોમાં કોઇ મતાંતર નથી. મતાંતર છે સમજણમાં, એક શ્લોકનો અનુવાદ એક શિલ્પી અન્ય કરે અને બીજો શિલ્પી અન્ય રીતે કરે, એથી મત-મતાંતરો અને કદાગ્રહો - માન્યતાઓ ઉભી થાય છે. પ્રસ્તુત ગ્રંથમાં શિલ્પના પ્રાચીન અન્યાન્ય ગ્રંથો મેળવીને વાસ્તવિક શિલ્પશાસ્ત્રનો પદાર્થ શો હોઇ શકે તેમ તટસ્થ વિચારણા કરવામાં આવી છે. ઘણીવાર આ મત-મતાંતરો બહુ મોટા વિવાદોનું સ્વરૂપ ધારણ કરતાં હોય છે. એ સમયે પ્રસ્તુત ગ્રંથ યોગ્ય માર્ગદર્શકની ગરજ સારે છે.

(૩) વર્તમાન ઉપલબ્ધ શિલ્પના ગ્રંથો ઘણું કરીને કોલેજ કક્ષાના જ કહી શકાય એવા છે. જેથી પ્રારંભિક અભ્યાસીને આગળ વધતા કોઇ પદાર્થ એકદમ સ્પષ્ટ થઇ શકે નહી અને તે આગળ પાછળ ગોથા જ ખાયા કરે. આ સમયે સાવ નવા અભ્યાસીનો પણ આ ક્ષેત્રમાં સરળતાથી પ્રવેશ થઇ શકે એ રીતે ગ્રંથ રચના-ગ્રંથનો ઉપાડ હોવો જરૂરી છે. જે વિદ્યાશાખાનો અભ્યાસ કરવાનો છે તેના પારિભાષિક શબ્દો થી પણ માહિતગાર થવું જરૂરી હોય છે. માટે ગ્રંથની શરૂઆતમાં જ સંજ્ઞા પ્રકરણ દ્વારા પૂર્વ સમજની સ્પષ્ટતા પ્રસ્તુત ગ્રંથમાં કરવામાં આવી છે.

(૪) પૂર્વાચાર્યો રચિત ગ્રંથો ખૂબ જ ઉત્તમકક્ષાના છે. પરંતુ કોઇપણ એક જ ગ્રંથમાં મંદિર સંલગ્ન સર્વ વિગતોનો સમાવેશ થઇ જાય એવું પ્રાયઃ જોવામાં આવતું નથી, એ સમયે જિનમંદિર વિષયક પ્રાયઃ સર્વ વિગતો પ્રસ્તુત ગ્રંથમાં સમાવી લીધી હોઇ, જે તે વિષય સંદર્ભે પ્રારંભિક માર્ગદર્શન તો મળી જ રહે. તથા અંતે સહાયક ગ્રંથોની સૂચિ આપેલ છે. તેમાંથી તત્સંલગ્ન અન્ય પદાર્થોને જાણવાની જિજ્ઞાસા પણ સંતોષાઇ શકે છે.

(૫) પ્રસ્તુત ગ્રંથ તે પ્રધાનતાએ જૈન ધર્મને ઉદ્દેશીને રચાયેલો હોઇ જૈન મંદિર વિષયક સ્પષ્ટતા વિશેષથી જોવા મળે છે. જ્યારે અન્યાન્ય ગ્રંથોમાંથી અભ્યાસ કરતાં તે અલગથી તારવવી પડે છે. એ મહેનત અહીં બચી જાય છે.

વળી જૈન પરંપરાને સંદર્ભે ક્યાં શું કરી શકાય તે પણ પ્રસ્તુત ગ્રંથમાં વિસ્તારથી સમજાવેલ છે. જૈન નવગ્રહ, જૈન દશદિક્પાલના ચિત્રો પણ અલગથી આપેલ છે.

(૬) પ્રસ્તુત નૂતન શિલ્પગ્રંથમાં છેલ્લાં ૫૦૦ વર્ષની પરંપરામાં થયેલા ફેરફારો કે નૂતન અપનાવાયેલ પરંપરા આદિનો પણ સમાવેશ થયેલો જોવા મળશે.

(૭) ગૃહમંદિર, ગુરુમંદિર વગેરે મહત્વની બાબતો વિશે અહીં એક સાથે વિસ્તૃત સ્પષ્ટ માર્ગદર્શન મળી શકે છે.

આમ, શિલ્પ વિદ્યાશાખાનો જેમને અભ્યાસ કરવો છે, તેમને માટે પ્રસ્તુત ગ્રંથ તે પ્રવેશદ્વાર સમાન છે. આ ગ્રંથનો સાંગોપાંગ કાળજીપૂર્વક અભ્યાસ કરે તે શિલ્પશાસ્ત્રથી સારી રીતે પરીચિત થઇને જ રહે, અને ત્યારબાદ અન્ય ગ્રંથો વાંચે તો જે તે ગ્રંથોના પદાર્થોને તથા પૂર્વાપર સંબંધને સારી રીતે મૂલવવા સક્ષમ બની શકશે.

" જૈન શિલ્પ વિધાન " ગ્રંથના અભ્યાસ બાદ શિલ્પરત્નાકર, કલ્યાણકલિકા, વાસ્તુસાર અને પ્રાસાદમંડન એ ચાર ગ્રંથો પણ સમયાનુસાર અભ્યસિત કરી લેવા જોઇએ. જેથી શિલ્પશાસ્ત્રમાં જઘન્ય ગીતાર્થતા પ્રાપ્ત કરી કહી શકાય.

# શ્રુતક્ષેત્રે નવલું શિલ્પ સર્જન : જૈન શિલ્પ વિધાન

● શિલ્પશાસ્ત્રોનો સાંગોપાંગ અભ્યાસ કરવા માટે ૩ વસ્તુની અત્યંત આવશ્યક્તા ગણાય. (૧) શિલ્પના પ્રાચીન અર્વાચીન ગ્રંથોનો અભ્યાસ (૨) ઉપલબ્ધ પ્રાચીન દ્રષ્ટાંત પ્રમાણોનો અભ્યાસ તથા (૩) અનુભવીઓની પરંપરા.... આ ત્રણેયની અત્યંત આવશ્યક્તા છે. એકેય વિના ચાલી શકે નહીં. એમાંય પ્રથમતો શિલ્પના પ્રાચીન-અર્વાચીન શાસ્ત્રોનો અભ્યાસ એ જ પાયા રૂપ છે. માટે એ સંદર્ભે વિચારણા કરીએ.

(૧) શિલ્પના પ્રાચીન મુખ્ય ગ્રંથો સંસ્કૃતમાં રચાયેલા છે. એટલે અભ્યાસ માટે સંસ્કૃત ભાષાનું વિશુદ્ધ સ્પષ્ટ જ્ઞાન હોવું જરૂરી છે. અથવા તો સંસ્કૃતના અચ્છા જાણકાર વિદ્વાનોએ કરેલ અનુવાદનું પુસ્તક અભ્યાસ માટે લેવું જોઇએ. તો જ શિલ્પશાસ્ત્રનો સાચો અર્થ - મર્મ પકડાય.

(૨) હાલ શિલ્પના અલગ અલગ ગ્રંથોના અનુવાદો જોતા એમાં એક જ બાબતમાં ભિન્ન ભિન્ન મતાંતરો જોવા મળે છે, ત્યારે પૂર્વના શાસ્ત્રો તથા પરંપરાને અનુસારે તેમાં યોગ્ય નિર્ણય અથવા તો સંતોષકારક ખુલાસો થવો જરૂરી છે. અન્યથા શાસ્ત્ર ભણ્યા બાદ જ વધુ અટવાવવાનું થયા કરે છે.

(૩) કોઇપણ શાસ્ત્રના પ્રારંભિક અભ્યાસ પૂર્વે જે તે શાસ્ત્રના પારિભાષિક શબ્દોનું જ્ઞાન હોવું જરૂરી છે. નહી તો પદાર્થોની સ્પષ્ટતા થવી દુષ્કર છે.

(૪) મંદિર માટે મંદિર સંલગ્ન ભૂમિ, વાસ્તુ, દિશા વગેરે અનેકાનેક અન્ય વિદ્યાશાખાના જ્ઞાનની પણ જરૂરીયાત આવશ્યક્તા રહે. એટલે શિલ્પના શાસ્ત્રગ્રંથની અંદર જે તે સર્વ વિગતોનો પણ સમવતાર થઇ જવો જરૂરી છે.

(૫) વળી ઘણું કરીને પ્રકાશિત થયેલ શિલ્પ ગ્રંથો અન્ય ધર્મીય શિલ્પશાસ્ત્રકારોના રચાયેલા છે. જેથી તેમાં શિવ, બ્રહ્મા વગેરે દેવોનું વર્ણન સવિશેષ હોય. દિકપાલો-ગ્રહો વગેરે પણ જૈન મંદિરોમાં અજૈન સ્વરૂપના જ થતા હોય એવું આજ સુધી જોવાય છે. જૈન મંદિરોમાં જૈન પરંપરા જાળવવાની હોય છે એટલે તેનો પણ નિચોડ કરવો જરૂરી હોય છે.

(૬) જે તે કાળે નવા લખાતા ગ્રંથ તે પૂર્વની પરંપરાના સારાંશ રૂપે હોવા જરૂરી છે. પ્રાચીન શિલ્પગ્રંથો અને મંદિરની વહેતી પરંપરામાં જે તે કાળે ફેરફારો થયા તેનો પણ સમાવેશ કરવો જરૂરી હોય છે.

(૭) ગૃહમંદિર, ગુરુમંદિર, જીર્ણોદ્ધાર વગેરે અનેક સંદર્ભે અનેક પ્રશ્નો અનેકો ને રહેતા હોય છે. ઉપલબ્ધ જૈન ગ્રંથોમાં દરેક ગ્રંથોમાં થોડું થોડું વર્ણન મળે છે. ત્યારે એ દરેકનો સારસંક્ષેપ કોઇ એક જ ગ્રંથમાં મળી રહે તો અભ્યાસુને એક જ ગ્રંથ દ્વારા સર્વ ગ્રાહી અભ્યાસ થઇ શકે.

-: સમાધાન - ઉપાય સપ્તક : જૈન શિલ્પ વિધાન :-

● શિલ્પશાસ્ત્રના અભ્યાસ માટે ઉપર જે સાત મુદ્દા જણાવ્યા છે તેનો સર્વ ઉપાય પ.પૂ.વૈરાગ્યદેશનાદક્ષ આ.દેવ શ્રીમદ્ વિજય હેમચંદ્રસૂરીશ્વરજી મ.સા.ના તથા પ.પૂ.આ.શ્રી કલ્યાણબોધિસૂરિજી મ.સા.ના આશીર્વાદથી પૂ.મુનિશ્રી સૌમ્યરત્નવિજયજી દ્વારા રચાયેલ " **જૈન શિલ્પવિધાન** " ગ્રંથ દ્વારા મળી શકે એમ છે.

# સંવત ૨૦૬૯ દરમ્યાન નૂતન પ્રકાશિત ગ્રંથો

| ક્રમ | પુસ્તકનુ નામ | કર્તા-સંપાદક | ભાષા | પ્રકાશક |
|---|---|---|---|---|
| ૧ | જૈન શિલ્પ વિધાન ભાગ-૧ | પૂ.સૌમ્યરત્નવિજયજી | ગુ. | જિનશાસન આરાધના ટ્રસ્ટ |
| ૨ | જૈન શિલ્પ વિધાન ભા-૨(ડ્રોઇંગ ચિત્રો) | પૂ.સૌમ્યરત્નવિજયજી | ગુ. | જિનશાસન આરાધના ટ્રસ્ટ |
| ૩ | દ્વાશ્રયમહાકાવ્યમ્-૧, સર્ગ ૧ થી ૧૦ | આ.મુક્તિચંદ્રસૂરિજી | પ્રા./ગુ. | શ્રી શાંતિજિન આરાધક મંડળ |
| ૪ | દ્વાશ્રયમહાકાવ્યમ્-૨, સર્ગ ૧૧ થી ૨૦ | આ.મુક્તિચંદ્રસૂરિજી | પ્રા./ગુ. | શ્રી શાંતિજિન આરાધક મંડળ |
| ૫ | પ્રાકૃત દ્વયાશ્રય મહાકાવ્યમ્ | આ.મુક્તિચંદ્રસૂરિજી | પ્રા. | શ્રી શાંતિજિન આરાધક મંડળ |
| ૬ | શ્રી મણિપ્રભ મહાત્મય | પૂ.તીર્થબોધિવિજયજી | સં/ગુ. | દિવ્યદર્શન ટ્રસ્ટ |
| ૭ | વિંશતિ સ્થાનક તપવિધિ | પૂ.જયાનંદવિજયજી | હિ. | ગુરુ રામચંદ્ર પ્રકાશન સમિતિ |
| ૮ | ભવનિર્વેઓ પાને કે લિયે (ઇન્દ્રીય પરાજય શતક) | પૂ.જયાનંદવિજયજી | સં/હિ | ગુરુ રામચંદ્ર પ્રકાશન સમિતિ |
| ૯ | ભવ આલોચના | પૂ.જયાનંદવિજયજી | સં/હિ | ગુરુ રામચંદ્ર પ્રકાશન સમિતિ |
| ૧૦ | વિતરાગ સ્તોત્ર | પં.પ્રવિણચંદ્ર મોતા | સં/ગુ | ગીતાર્થ ગંગા પ્રકાશન |
| ૧૧ | તત્વાર્થાધિગમસૂત્ર-૨ | પં.પ્રવિણચંદ્ર મોહતા | સં/ગુ | ગીતાર્થ ગંગા પ્રકાશન |
| ૧૨ | તત્વાર્થાધિગમસૂત્ર-૩ | પં.પ્રવિણચંદ્ર મોતા | સં/ગુ | ગીતાર્થ ગંગા પ્રકાશન |
| ૧૩ | દ્રવ્યગુણ પર્યાયનો રાસ-૨ | પં.પ્રવિણચંદ્ર મોતા | ગુ. | ગીતાર્થ ગંગા પ્રકાશન |
| ૧૪ | દ્રવ્યગુણ પર્યાયનો રાસ છુટાબોલ | પં.પ્રવિણચંદ્ર મોતા | ગુ. | ગીતાર્થ ગંગા પ્રકાશન |
| ૧૫ | આગમ સરિતા | આ.નરચંદ્રસૂરિજી | ગુ. | માનતુંગસૂરિ સાહિત્ય સંગ્રહ |
| ૧૬ | શ્રી પાર્શ્વનાથ ચરિત્રમ્ | પૂ.સર્વોદયસાગરજી | છ ભાષા | ચારિત્ર રત્ન ફાઉન્ડેશન |
| ૧૭ | અધ્યાત્મસ્વાધ્યાય યોગ | આ.ગુણરત્નસૂરિજી | હિ | પાનીદેવી મોહનલાલ મુથા |
| ૧૮ | અધ્યાત્મરવિ ઉગ્યો મુજ ઘટ | આ.ગુણરત્નસૂરિજી | હિ | પાનીદેવી મોહનલાલ મુથા |
| ૧૯ | સાધના સે સિધ્ધી | આ.ગુણરત્નસૂરિજી | હિ | પાનીદેવી મોહનલાલ મુથા |
| ૨૦ | જિનાલય શુધ્ધિકરણ માર્ગદર્શિકા | સા.મૈત્રીરત્નાશ્રીજી | ગુ. | જિનાજ્ઞા યુવા ગ્રુપ |
| ૨૧ | દાનઅમૃતમયી પરંપરા | ડૉ. પ્રીતમ સંઘવી | હિ | પાર્શ્વ ઇન્ટર.એજ્યુકેશન |
| ૨૨ | હર્ષોલ્લાસ | આ.રત્નસુંદરસૂરિજી | ગુ. | રત્નત્રયી ટ્રસ્ટ |
| ૨૩ | શ્રી મહાવીર ચરિયમ્ | કર્તા સિરિગુણચંદ | પ્રા/સં | દિવ્ય દર્શન ટ્રસ્ટ |
| ૨૪ | ભાગ ૧ થી ૪ | પૂ.નિર્મલયશવિજયજી | . | દિવ્ય દર્શન ટ્રસ્ટ |
| ૨૫ | પુદ્ગલ ના ખેલ | પૂ.કલ્પરત્નવિજયજી | ગુ. | અજયભાઇ સેવંતીલાલ |
| ૨૬ | નવકારમાં નવરસ | પૂ.કલ્પરત્નવિજયજી | ગુ. | અજયભાઇ સેવંતીલાલ |
| ૨૭ | યોગસાર | ધીરજલાલ ડાહ્યાલાલ | ગુ. | જૈન ધર્મ પ્રસારણ સભા |

## -: જ્ઞાન મહોત્સવ :-

શ્રી સાબરમતી રામનગર જૈન શ્વે મૂ.પૂ.સંઘના ઉપક્રમે પૂજય આ.શ્રી શીલચંદ્રસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં અનોખું જ્ઞાનમહોત્સવનું આયોજન આસો વદ-૮ થી આસો વદ-)) દરમ્યાન યોજવામાં આવ્યું જેમાં પ્રભુ વીરની અંતિમદેશના રૂપ ઉત્તરાધ્યન સૂત્રના ૩૬ અધ્યયનોના સૂત્રો અને અર્થ સાથેની વાચના આપવામાં આવી. પ્રભુના મુખમાંથી પ્રગટેલા સાક્ષાત શબ્દો જે મંત્ર સ્વરૂપ છે તે સકળ સંઘને સાંભળવાનો લહાવો મળ્યો. દરરોજ વિશિષ્ટ આંગી, ઉત્તરાધ્યન સૂત્રની ગહુલી અને રજત મુદ્રાથી પૂજન વગેરેથી મહોત્સવ સંપન્ન થયો.

# સરસ્વતી પુત્રોને વંદના

(નિમ્નોક્ત ગ્રંથના સંશોધન-સંપાદનનું કાર્ય ચાલુ છે. ટુંક સમયમાં પ્રકાશિત થશે.)

ગણિવર્ય શ્રી તીર્થભદ્રવિજયજી મ.સા. (કચ્છવાગડ આ.કલાપૂર્ણસૂરિજી મ.સા.શિષ્ય)

(૧) શાંતિનાથચરિત્ર મહાકાવ્ય - કર્તા - મુનિ દેવસૂરિજી

(૨) પાક્ષિકસૂત્ર કૃતિ સંચય - અપ્રગટ અવચૂર્ણિ, ટીકા, બાલવબોધ

(૩) શ્રાદ્ધવિધિ રાસ (સાનુવાદ) કર્તા - ઋષભદાસજી

(૪) ઉપદેશમાળા રાસ, સંગ્રહ - વિવિધ કર્તાઓ

(૫) ઉપમિતિ ભવ પ્રપંચા રાસ - જિનહર્ષ વિજયજી - સરળ વિવેચન અંગ્રેજી ભાષા સાથે

## જૈન વિશ્વકોશ

પદ્મશ્રી વિદ્દ્વર્યશ્રી કુમારપાળ દેસાઇ તેમજ શ્રી ગુણવંતભાઇ બરવાળીયા ના નેજા હેઠળ જૈન વિશ્વકોશ બનાવવાનું કાર્ય વિશ્વકોશ ભવન - અમદાવાદમાં શરૂ કરવામાં આવ્યું છે. યુગદિવાકર શ્રી નમ્રમુનિજીની પ્રેરણાથી જાણીતા વિદ્વાન સ્કોલર વગેરે પણ જોડાયા છે. અને આમાં જૈન શાસ્ત્ર અને પ્રકરણ, ચારિત્ર ગ્રંથોમાં જૈન કલા, ક્રિયાઓ, વ્રત અને તપ, શાસ્ત્રકારો, સિધ્ધાંતો, ભુગોળ, ગણિત અને જ્યોતિષ વગેરે ૯૦ વિષયોની વિસ્તૃત માહિતિ આપવામાં આવશે. બધા જ વિષય પર શબ્દોની વિસ્તૃત અર્થ સાથે રેફરન્સ આપવામાં આવશે. ખૂબ જ માહિતીસભર અને વૈવિધ્યપૂર્ણ આ જૈન વિશ્વકોશ જૈન જગતનું ઉત્તમ નઝરાણું બની રહેશે.

## પૂજ્યોને વિજ્ઞપ્તિ

પૂજ્ય ગુરુભગવંતોએ ચાતુર્માસમાં અભ્યાસ સ્વાધ્યાય માટે જુદા જુદા જ્ઞાનભંડારોમાંથી પોતાના અભ્યાસ રેફરન્સ માટે પુસ્તકો મંગાવ્યા હોય છે. જ્ઞાનભંડારના વ્યવસ્થાપકોએ ઉદારતાપૂર્વક જ્ઞાનવૃધ્ધિમાં સહાયક બનાવા માટે બહારગામ લઇ જવાતી તેમજ લાંબો સમય રાખવાની છૂટ આપી હોય છે તેવા સમયે આપણી ફરજ છે કે ચાતુર્માસ પૂર્ણ થયે વિહાર ચાલુ થવાથી એક વખત તે પુસ્તકો જે તે જ્ઞાનભંડારમાં વ્યવસ્થિત જમા કરાવી લેવા જોઇએ અને કદાચ અભ્યાસ માટે વધારે સમય જરૂર હોય તો ફક્ત પોસ્ટકાર્ડ લખીને પણ તે જ્ઞાનભંડારોને જાણ કરી શકાય. જેથી હવે પછીના શેષકાળમાં બીજા જ્ઞાનાર્થીને તેની જરૂર હોય તો યોગ્ય વ્યવસ્થા થઇ શકે અને જ્યારે પણ આપ બહારગામના કોઇપણ જ્ઞાનભંડાર પાસેથી પુસ્તકો કે હસ્તપ્રતની જરૂર હોય ત્યારે ફક્ત પત્ર દ્વારા, ઇમેઇલ કે એસ.એમ.એસ. થી સંપર્ક કરવો ઉચિત છે જેથી તેની માંગણીના લેખિત નોંધ જે તે સંસ્થામાં જળવાયેલી રહે અને વ્યવસ્થાપકોને વહીવટ કરવો સુગમ પડે. આપને કોઇપણ પુસ્તક કાયમી રાખવા માટે જોઇએ તો પણ જે તે પ્રકાશક - પ્રાપ્તિસ્થાન અથવા તો જ્ઞાનભંડારના વ્યવસ્થાપકને લેખિતમાં પત્ર લખવાથી તે પુસ્તક આપની અનુકુળતા મુજબ તેમની પાસેથી રૂબરૂ લઇ જવાની વ્યવસ્થા કરવી ઉચિત ગણાશે છે. કારણ સંજોગવસાત્ આપને રૂબરૂ મંગાવવું શક્ય ના હોય તો જ વિશિષ્ટ સંજોગોમાં કુરીયર દ્વારા મંગાવવું જોઇએ.

પૂજ્ય ગચ્છાધિપતિ શ્રી જયઘોષસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં વર્ધમાન તપ પારણા પદ પ્રવજ્યા સંકલન સમિતિ દ્વારા તા.૬,૭,૮ ડીસેમ્બરના રોજ શ્રી પંકજ જૈન સંઘ, પાલડી - અમદાવાદ ખાતે પુસ્તક મેળાનું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે.

સંપર્ક : કૌશલભાઇ શાહ -૯૭૬૭૪૫૪૩૮૯ ● Email : piyushshah61@yahoo.co.in

# અભ્યાસ-જ્ઞાન વૃદ્ધિ માટે ઉપયોગી ગ્રંથો

મુદ્રણના આ યુગમાં જ્ઞાની ગુરુભગવંતોએ શાસ્ત્રાભ્યાસ કરીને આ પ્રાચીન ગ્રંથોના બાલાવબોધ, ભાવાનુવાદ, ભાષાંતર અને વિવેચન કરીને પ્રકાશિત કરાવ્યા જેને લીધે પૂજ્યોને પ્રાચીન શાસ્ત્રોનો અભ્યાસ સુલભ અને સરળ બન્યો છે જેની હાર્દિક અનુમોદના કરીએ છીએ.

પૂજ્ય ગુરુભગવંતો અને વિદ્વાનોએ આ શાસ્ત્રગ્રંથોનું દોહન કરીને વિવિધ ભાષામાં ઉપદેશાત્મક માહિતીસભર અભ્યાસ ઉપયોગી ઘણા નવા ગ્રંથોનું સર્જન કરેલ છે જે જિજ્ઞાસુઓને ખૂબ જ ઉપયોગી થશે અહીં બહુ પ્રચાર નહીં થયેલ એવા થોડા ગ્રંથોની વિગત પ્રસ્તુત છે.

(૧) જૈન તત્વાદર્શ ભાગ-૧, ૨ હિન્દી/ગુજરાતી કર્તા : શ્રી આત્મારામજી મ. સા.
પ્રકાશક : આત્માનંદ જૈન સભા ઇ. ૨૦૧૧ પૃષ્ઠ - ૧૦૩૦
વિષય : જૈન સિધ્ધાંત અને તત્ત્વજ્ઞાનનું લોકભોગ્ય શૈલીમાં સુંદર નિરૂપણ

(૨) વિવિધ વિષય વિચારમાળા :ભાગ-૧થી ૮ ગુજરાતી કર્તા : શ્રી કર્પુરવિજયજી મ. સા.
પ્રકાશક : રંજનવિજયજી પુસ્તકાલય ઇ. ૨૦૫૯ પૃષ્ઠ - ૨૨૦૦
વિષય : જૈન ધર્મના જુદા જુદા વિષયોનું સંપૂર્ણ શાસ્ત્રીય રીતે સંગ્રહ

(૩) દેશના ચિંતામણી ભાગ ૧ થી ૬ : પ્રાકૃત /ગુજરાતી કર્તા : આ. પદમસૂરિજી
પ્રકાશક : જૈન ગ્રંથ પ્રકાશક સભા ઇ. ૧૯૫૧ પૃષ્ઠ - ૧૫૦૦
વિષય:૨૪ તીર્થંકર પ્રભુની અંતિમદેશના પ્રાકૃતમાં તેમજ તેના ગુજરાતી ભાષાંતર સહિત

(૪) જૈન પ્રવચન કિરણાવલી : ગુજરાતી લેખક : આ. પદમસૂરિજી
પ્રકાશક : જૈન ગ્રંથ પ્રકાશક સભા ઇ. પૃષ્ઠ - ૭૨૫
વિષય : ૪૫ આગમનો ટૂંકમાં સારરૂપ બધા જ પદાર્થોનું દોહન

(૫) શ્રાવકધર્મ જાગરિકા : ગુજરાતી લેખક : આ. પદમસૂરિજી
પ્રકાશક : જૈન ગ્રંથ પ્રકાશક સભા ઇ. ૧૯૩૮, રીપ્રીન્ટ ઇ. ૨૦૦૬ પ્ર. યાત્રિક મહેન્દ્રભાઇ
વિષય : શ્રાવકના ૧૨ વ્રતો તથા શ્રાવક જીવનની કર્તવ્યની છણાવટ

(૬) અનેકાંત સ્વાદ્‌વાદ : ગુજરાતી લેખક : સ્વ. ચંદુલાલ શકરચંદ શાહ
પ્રકાશક : જૈન માર્ગ આરાધક સમિતિ-આદોની - ઇ. ૧૯૬૫ પૃષ્ઠ : ૪૭૨ વિષય : જૈનધર્મનો પાયાનો સિધ્ધાંત અનેકાંતવાદને ૨૦ પ્રકરણોમાં સરળ લોકભોગ્ય શૈલીમાં

(૭) જૈન તીર્થ સર્વ સંગ્રહ ભાગ-૧ થી ૩ : ગુજરાતી સંપાદક : અંબાલાલ પ્રેમચંદ શાહ
પ્રકાશક : શેઠ આણંદજી કલ્યાણજી પેઢી-અમદાવાદ. ઇ. ૧૯૫૩ પૃષ્ઠ - ૧૧૨૫
વિષય : ભારતભરમાં આવેલ પ્રાચીન તીર્થો અને સંઘોની વિસ્તૃત માહિતી

(૮) જૈન સૈધ્ધાંતિક શબ્દપરિચય : ગુજરાતી લેખક : સુનંદાબેન વોરા
પ્રકાશક : આનંદ સુમંગલ પરિવાર, અમદાવાદ ઇ. ૨૦૦૬ પૃષ્ઠ - ૪૭૦
વિષય : જૈન ધર્મ શાસ્ત્રમાં રહેલ શબ્દોનો વિસ્તૃત સરળ પરિચય

(૯) ગુજરાતી સાહિત્ય કોશ ભાગ-૧, ૨ : ગુજરાતી સંપાદન : રમણલાલ સોની
પ્રકાશક : ગુજરાતી સાહિત્ય પરિષદ ઇ. ૧૯૮૯ પૃષ્ઠ - ૧૧૪૫
વિષય : મધ્યકાળ અને અર્વાચીન કાળમાં થયેલ ગુજરાતી રચના પ્રકાશનની માહિતિ

૧૦) જૈન ગુર્જરકવિઓ ભા. ૧ થી ૧૦ : ગુજરાતી , લેખક : જયંત કોઠારી
પ્રકાશક : શ્રી મહાવીર વિધાલય - મુંબઇ ઇ. ૧૯૮૭ પૃષ્ઠ - ૩૯૦૦
વિષય : બધા જ જૈન ગુજરાતી કવિઓનો પરિચય અને તેઓની રચનાઓની વિગત

(૧૧) સાર્થ ગુજરાતી જોડણીકોશ : ગુજરાતી
પ્રકાશક : ગુજરાત વિધાપીઠ ઇ. ૧૯૬૭ માં પાંચમી આવૃતિ પૃષ્ઠ - ૯૦૪
વિષય : ૬૮૪૬૭ શબ્દોની જોડણીનો વિશિષ્ટ સર્વ માન્ય કોશ

પ્રાચીન શ્રુતોદ્ધારક પૂ. શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મ.સા. તથા પૂ.આ.શ્રી કલ્યાણબોધિસૂરિજી મ.સા.ની પ્રેરણાથી સેંકડો વર્ષ ચાલે તેવા કાગળ પર તૈયાર થઇ રહેલ ગ્રંથો આદિ જે શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ તરફથી પ્રકાશિત થશે.

| ક્રમ | ગ્રંથ નામ | રચયિતાશ્રી | ટીકા-સંશોધન-સંપાદન |
|---|---|---|---|
| ૧ | બૃહત્ક્ષેત્રસમાસ સટીક | જિનભદ્રગણિ | મલયગિરિસૂરિ |
| ૨ | પિંડનિર્યુક્તિ સટીક | ભદ્રબાહુસ્વામિ | વીરગણિ |
| ૩ | પિંડનિર્યુક્તિ સટીક | ભદ્રબાહુસ્વામિ | હરિભદ્રસૂરિ |
| ૪, ૫, ૬ | અનેકાંતજયપતાકા ભા-૧ થી ૩ | હરિભદ્રસૂરિ | મુનિચંદ્રસૂરિ |
| ૭ | ન્યાયાવતાર, અનેકાંતવાદપ્રવેશ, | સિદ્ધસેનદિવાકરસૂરિ | સિદ્ધર્ષિગણિ |
| | સપ્તભંગીનયપ્રદીપ, સ્યાદ્વાદભાષા | મહો. યશોવિજયજી | |
| ૮ | જ્યોતિષ કરંડક | પાદલિપ્તસૂરિ | મલયગિરિસૂરિ |
| ૯ | શ્રી ચંદ્રવેધ્યક પ્રકીર્ણક | પૂર્વાચાર્ય | આ. કલ્યાણબોધિસૂરિ |
| ૧૦, ૧૧ | શ્રાદ્ધદિનકૃત્ય ભા-૧,૨ | દેવેન્દ્રસૂરિ | સ્વોપજ્ઞ |
| ૧૨ | કર્મગ્રંથ ૫-૬ | દેવેન્દ્રસૂરિ | મલયગિરિસૂરિ |
| ૧૩ | સ્થાનાંગદિપિકા ભા-૨ | સુધર્માસ્વામિ | નાગર્ષિ |
| ૧૪,૧૫ | સુપાર્શ્વનાથ ચરિત્ર ભા-૧,૨ | લક્ષ્મણવિજયજી | |
| ૧૬ | શ્રાદ્ધપ્રતિક્રમણ | પાર્શ્વસૂરિ, ચંદ્રસૂરિ | |
| ૧૭ | વર્ધમાનદેશના | રાજકિર્તીગણિ | સંપા. હેમપ્રભસૂરિ |
| ૧૮ | સંગ્રહણીસૂત્ર | ચંદ્રસૂરિ | |
| ૧૯ | ચંદ્રપ્રભ ચરિત્ર | વિરનંદી | |
| ૨૦ | શત્રુંજય મહાત્મય | ધનેશ્વરસૂરિ | |
| ૨૧, ૨૨ | સમરાઇચ્ચ કહા ભા-૧,૨ | હરિભદ્રસૂરિ | |
| ૨૩ | આચાર પ્રદિપ | રત્નશેખરસૂરિ | |
| ૨૪ | બંધશતક લઘુભાષ્ય | શિવશર્મસૂરિ | ચક્રેશ્વરસૂરિ, હેમચંદ્રસૂરિ |
| ૨૫ | બૃહત્સંગ્રહણી સટીક | જિનભદ્રગણિ | મલયગિરિસૂરિ |
| ૨૬ | કર્મ ગ્રંથ ૧ થી ૪ (પ્રાચીન) | ગર્ગઋષિ, જિનવલ્લભગણિ | સંશો. ચતુરવિજય |
| ૨૭ | જીવ સમાસ પ્રકરણ | મલધારિ હેમચંદ્રસૂરિ | સ્વોપજ્ઞ |
| ૨૮ | કલ્પસૂત્ર (કિરણાવલી ટીકા) | ભદ્રભાહુસ્વામી | ધર્મસાગરગણિ |
| ૨૯ | કુમારપાળ પ્રતિબોધપ્રબંધ | અજ્ઞાત પૂર્વાચાર્ય | મફતલાલ ઝવેરચંદ |
| ૩૦ | કહારયણકોસ, પ્રમાણપ્રકાશ, | દેવભદ્રાચાર્ય | સં. પુણ્યવિજય |
| ૩૧,૩૨ | અનન્તનાથસ્તોત્ર, વીતરાગસ્તવ | ----------- | |
| ૩૩ | ઉપમિતિ ભવ પ્રપંચ કથા ભા-૧, ૨ | સિદ્ધર્ષિગણિ | |
| | શ્રાવક ધર્મ (આદ્ય) પંચાશકચૂર્ણિ | હરિભદ્રસૂરિ | યશોદેવસૂરિજી |
| ૩૪ | ઋષિમણ્ડલ પ્રકરણ | ધર્મઘોષસૂરિ | ઉમંગસૂરિજી |
| ૩૫ | ઉપદેશસપ્તતિકા | ક્ષેમરાજમુનિ | સ્વોપજ્ઞ |
| ૩૬ | ઉપદેશતરંગિણી | રત્નમંદિરગણિ | |
| ૩૭ | ઉપમિતિ સારોદ્ધાર | દેવેન્દ્રસૂરિ | પં. માનવિજય, કાંતિવિજય |
| ૩૮ | ઉપદેશ સાર | કુલસાગરગણિ | પ્રતાપસૂરિજી |
| ૩૯ | પાર્શ્વનાથ ચરિત્ર | ભાવદેવસૂરિ | |
| ૪૦ | વૈરાગ્યકલ્પલતા | મહો. યશોવિજય | કલ્યાણબોધિસૂરિજી |
| ૪૧ | યોગબિંદુ | હરિભદ્રસૂરિ | કલ્યાણબોધિસૂરિજી |